# રાજ્યની પાંચ મનપામાં જમીન ભોગવટાને કાયદેસરતા

## ૭૦ હજારથી વધુ પરિવારોને ફાયદો : માત્ર રહેઠાણની જમીનને કાયદેસર કરવા માટે રાજ્ય સરકારનો નિર્ણય

અમદાવાદ, તા.૭

રાજયના પાંચ શહેરી સંકુલો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગરમાં આવેલી શહેરી જમીન ટોતમર્યાદા અને નિયમન, અધિનિયમ ૧૯૭૬ ગુજરાત રાજયમાંથી તા. ૩૦.૩.૧૯૯૯ના રોજ રદ રીપીલ કરવામાં આવેલ જે અન્વયે ૧,૪૯,૫૦,૮૪૧.૨૮ ચો.મી ( એક કરોડ ઓગણપચાસ લાખ પચાસ હજાર આઠસો એકતાળીસ) વધારાની જમીન ફાજલ જાહેર કરવામાં આવેલ. જે પૈકી ૫૨,૮૦,૫૩૨ ચો.મી જમીન ઉપરના બાંધકામો સાથે સરકાર હસ્તક કબજે લીધેલ હતી. આ પૈકી રહેણાકના બાંધકામોમાં પાકા મકાનો અને કાચા ઝુંપડાઓના ભોગવટા હેઠળની ૩૩,૮૮,૩૭૪ ચો.મી જમીન હતી. આ ૩૩,૮૮,૩૭૪ ચો.મી જમીન તેના ભોગવટેદારોને કાયદેસર કરવાના મહેસુલ વિભાગના વટહુકમને આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં મંજુર કરવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વટહુકમ અંગે વધુ વિગત આપતાં જણાવ્યુ હતું કે, રાજયપાલની મંજુરી બાદ અમલમાં આવશે. વટહુકમ અમલી બનતા પાંચ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગરના ૭૦,૦૦૦ વધુ પરિવારોની ૪ લાખની જનસંખ્યાને નિયત કરાયેલ પ્રવર્તમાન જંત્રીના ભાવે ભોગવટાવાળી જમીનના ભોગવટાની કાયદેસરતાનો લાભ મળશે. હુકમની હુકમની તારીખથી ૧૫ વર્ષ સુધી ભોગવટેદારે તે જમીનનો ભોગવટો જાતે જ કરવાનો રહેશે. આ પાંચ મહાનગરોમાં ભોગવટાના સ્વરૂપે ૩૩,૮૮,૩૭૪ ચોરસમીટર જમીન પર રહેણાકના પાકા મકાનો તેમજ કાચા ઝુંપડા પ્રકારના બાંધકામો આવેલા છે. ૩૩,૮૮,૩૭૪ ચોરસમીટર જમીન પર રહેણાકના પાકા મકાનો તેમજ કાચા ઝુંપડા પ્રકારના બાંધકામો આવેલા છે.

૩૩,૮૮,૩૭૪ ચોરસમીટરના ભોગવટા હેઠળની આ જમીન કોઈપણ પ્રકારના લીટીગેશન વગરની હોવાથી તેના પર બાંધાયેલા રહેણાકના પાકા મકાનો અને કાચા ઝુંપડા પ્રકારના બાંધકામવાળી આ જમીનનો ભોગવટો તે માટે ઠરાયેલ રકમ લાભાર્થી દ્વારા ભરાયાથી કાયદેસર થઈ જશે, તેમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, તેમણે જણાવ્યું હતું કે, ભોગવટાવાળી જમીનનો ભોગવટો કાયદેસર કરવા ક્ષેત્રફળ મુજબ પ્રવર્થમાન જંત્રીની નિયત ટકાવારી મુજબ કબજા હકકની રકમ અરજદારે ચુકવવાની રહેશે. જે લાભાર્થીઓ આ જગ્યાનો ઉપયોગ રહેવાસીઓ રહેઠાણ સાથે સ્વરોજગારીના વ્યવસાય માટે કરતા હશે તો તેને પણ કાયદેસર કરવામાં આવશે. આ વટહુકમમાં એવી પણ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે, વાણિજિયક અને ઔદ્યોગિક બાંધકામવાળી જમીનોને કાયદેસર કરાશે નહીં ફક્ત રહેઠાણના ઉપયોગવાળી જમીનને જે કાયદેસર કરવામાં આવશે. આ વટહુકમથી મહત્વની જોગવાઈ મુજબ તા. ૦૧.૦૧.૨૦૧૧ કે તે પહેલા થી બાંધકામવાળી જમીન ઉપર ભોગવટો ધરાવનારા વ્યક્તિ, ભોગવટો કાયદેસર કરવા અરજી કરી શકશે. આ ઉપરાંત તા. ૦૧.૦૧.૨૦૧૧ પછી પરંતુ તા. ૦૧.૦૬.૨૦૧૬ પહેલાનો બોગવટો ધારણ કરનાર વ્યક્તિ તા. ૦૧.૦૧.૨૦૧૧ની સ્થિતિએ જે ભોગવટેદાર હોય તે વ્યક્તિ પાસેથી ભોગવટાવાળી જમીન કેવી રીતે તબદીલ થયેલ છે, તેના પુરાવા સાથે જમીનને કાયદેસર કરવા અરજી કરી શકશે. પરંતુ તા. ૩૧.૦૫.૨૦૧૬ પછીના ભોગવટેદારનો ભોગવટો કાયદેસર કરી શકાશે નહીં.

## અમદાવાદની ત્રણ બેંકોમાં ઈડીના દરોડાથી બેંકરોમાં ખળભળાટ

દેશભરમાં ગત ૮મી નવેમ્બરથી નોટબંધી અમલમાં આવી છે. નોટબંધી અમલમાં આવ્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટની નજર અમદાવાદ સહિત રાજ્યભરના મોટાભાગના વિસ્તારોમાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકોમાં કરવામાં આવેલા વ્યવહારો ઉપર શરૂઆતથી જ રહેલી હતી જે દરમિયાન આજે અમદાવાદ શહેરની જુદી જુદી ત્રણ બેંકોમાં ઈડી દ્વારા દરોડા પાડવામાં આવતા બેંક સત્તાવાળાઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે આજે અમદાવાદ સહિત દેશભરની ૫૦ બેંકોની શાખાઓમાં દરોડા પાડી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. અમદાવાદ શહેરમાં આવેલી જુદી જુદી ત્રણ બેંકો જેમાં કેનેરા બેંક, પંજાબ નેશનલ બેંક અને સિન્ડિકેટ બેંકનો સમાવેશ થાય છે. આ ત્રણેય બેંકોની શાખાઓમાં આજે ઈડી દ્વારા અલગ અલગ ટીમો બનાવી અને ૮મી નવેમ્બરથી લઈને આજ દિન સુધી આ ત્રણેય બેંકોની શાખાઓમાં જે કંઈપણ નાણાંકીય લેવડદેવડ કે વ્યવહાર કરવામાં આવ્યા હતા તે અંગે સઘન તપાસ શરૂ કરવામાંઆવી છે. સૂત્રો તરફથી મળતી વિગતો અનુસાર ઈડી દ્વારા કરવામાં આવેલી તપાસમાં નોટબંધી પછી પાછલા બારણે મોટા માથાઓ દ્વારા નાણાંની ફેરબદલ કરવામાં આવી હોવાની શંકાના પગલે આ મોટામાથાઓ દ્વારા જે બ્લેકમનીને વ્હાઈટ કરવાની પેરવીઓ કરાઈ હતી તેમાં મની લોન્ડરિંગ જેવી બાબતનો પણ સમાવેશ થાયછે કે કેમ તેવી શક્યતાઓને ચકાસવાના ભાગરુપે આજે આ ત્રણેય બેંકોની શાખાઓમાં ઈડીના અધિકારીઓ અલગ અલગ ટીમ બનાવી ત્રાટક્યા હતા.



શિયાળાની કસરત : શહેરના સ્વર્ણિમ સંકુલમાં શિયાળાની વહેલી પ્રભાતે યોગ-પ્રાણાયામ અને કસરતના પ્રયોગો વ્યાપક પ્રમાણમાં થાય છે. શિયાળામાં સવારથી જ નાગરિકો વોકીંગ માટે આવે છે. સાથે સાથે કસરત માટેના શાનુકૂળ વાતાવરણમાં સાધનોથી સુસજ્જ સ્વર્ણિમ પાર્કમાં વિવિધ પ્રકારની કસરતો કરવા માટે મોટી સંખ્યામાં નાગરિકો જોડાય છે.

## અમદાવાદમાં બેંકોને વધુ ૨૦ ટકા રોકડની ફાળવણી

અમદાવાદ, તા.૭

નોટબંધીના અમલથી લઈને આજે ૨૯માં દિવસે પણ અમદાવાદ શહેરના વિવિધ એટીએમ અને બેંકોની બહાર રૂપિયા મેળવવા માટે લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે તેવા સમયે શહેરની બેંકોને ૨૦ ટકા વધુ રકમની ફાળવણી કરવામાં આવી છે. આ નિર્ણયને પગલે આવનારા દિવસોમાં લાઈનોમાં કતારો થવાનું અને ખાતેદારોને રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી. ૧ તારીખથી ૭ ડિસે. સુધી રોકડ ઉપાડના મુદ્દે નાગરિકો પરેશાની ભોગવી રહ્યા હતા. ગણતરીના કલાકોમાં બેન્કોમાં કેશ ખલાસ થઈ જવાના પગલે ખાતેદારોને પૈસા ઉપાડ્યા વિના પાછું ફેરવું પડતું હતું. પરંતુ ગત સપ્તાહે ૧૦૦ કરોડથી વધુના સપ્લાય બાદ આજે નેશનલાઈઝ બેન્કો માટે ૧૨૦ કરોડની વધુ રકમનું એલોટમેન્ટ આરબીઆઈ કરશે. કો-ઓપરેટિવ સેક્ટરની હાલત યથાવત રહેશે. કો-ઓપરેટિવ બેન્કને બ્રાંચદીઠ ચિલ્લર સમાન બે લાખનું એલોટમેન્ટ થશે. આ અંગે બેન્કના અધિકારીએ જણાવ્યું હતું કે વધુ રકમનું એલોટમેન્ટ કરવાનું ગઈ કાલે જાહેર કરાયું હતું. આજે ડિસ્ટ્રિબ્યુશન થશે, જેથી ખાતેદારોને સાચવી લેવાશે. ગત સપ્તાહે કો-ઓપરેટિવ બેન્કોને બ્રાંચદીઠ ૧૫ લાખની ફાળવણી બાદ આજે લાંબા સમયગાળાએ બે લાખની ફાળવણી થશે. માર્યાદિત કરન્સીના કારણે નેશનલાઈઝ બેન્કો આજે પણ મર્યાદિત રકમ એટીએમમાં રિફિલ કરી રહી છે. સહકારી બેન્કના ખાતેદારોની હાલત આજે પણ કફોડી બની છે.

## રાજ્યના સરકારના ભ્રષ્ટાચારનું શ્વેતપત્ર બહાર પાડવા કોંગ્રેસની માંગ

રાજયમાં વર્ષ ૨૦૧૨માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૫૦ લાખ મકાનો આપવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત રાજયમાં ગામડાથી લઈને ગાંધીનગર અને શહેરથી લઈ સચિવાલય સુધી ભ્રષ્ટાચાર વ્યાપક બન્યો છે તેવા સમયે વર્તમાન સ્થિતિ અંગે શ્વેતપત્ર બહાર પાડવા વિપક્ષ કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવી છે. ભાજપ શાસનમાં વર્ષ ૨૦૧૨માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સામાન્ય મધ્યમ વર્ગ માટે ૫૦ લાખ મકાનો આપવાની જાહેરાત કરી હતી. ચાર વર્ષ વીતી ગયા છતાં માત્ર ૧૦,૦૦૦ મકાનો બન્યા છે અને તે પણ સામાન્ય ગરીબ વર્ગને પરવડે તેમ નથી. સામાન્ય મધ્યમ વર્ગનું નામ આગળ કરીને ભૂમાફિયા જમીન દલાલો અને મળતીયા બિલ્ડરોને લાભાર્થે સતત જમીન અને બાંધકામ માટેના નિયમોમાં ફેરફાર કરીને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર ભાજપની ધનસંગ્રહ યોજનાનો ભાગ છે. ભાજપ સરકાર દ્વારા આજરોજ જમીન ટોચ મર્યાદા ધારામાં અંગે નિર્ણય તે માત્રને માત્ર સામાન્ય મધ્યમ વર્ગને ઘરનું ઘર આપવાના વચનની નિષ્ફળતા છુપાવવા માટેનું એકરારનામુ હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતુંકે, ભાજપના ૨૦ વર્ષના શાસનમાં ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટ્યો છે, ગેરકાયદેસર બાંધકામો પ્રત્યે આંખ આડા કાન કરીને કરોડો એકત્ર કર્યા અને ત્યારબાદ તેમના મળતીયાઓના બાંધકામ કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી ના નામે પણ મોટા પાયે ભ્રષ્ટાચાર આદરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં બાંધકામ માટેના જે નિયમો અમલમાં છે તેના પાલન કરવાની જવાબદારી જે તે અધિકારી વહીવટી તંત્રની છે પરંતુ અધિકારીઓ વહીવટી તંત્રની મીલીભગત ભ્રષ્ટાચારી રીત રસમોથી મળતીયા બિલ્ડરોને મજા છે અને સામાન્ય નાગરિકોને સજા છે.

## ભારતીય સ્ટેટ બેંક દ્વારા રાજભવનમાં 'મોડલ ઓફ ડિજિટલ પેમેન્ટ' અંગે પ્રસ્તુતિકરણ અને સંવાદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની અધ્યક્ષતામાં ગઈ કાલે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ડિજિટલ પેમેન્ટની વિવિધ પદ્ધતિઓ અંગે પ્રસ્તુતિકરણ અને સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ બેંકીંગ અપનાવવા અને કેશલેસ સોસાયટી બનાવવાનું આહવાન કર્યું છે ત્યારે આપણા રોજિંદા નાણાંકીય વ્યવહારમાં ડિજિટલ બેંકીંગ અને કેશલેસ સુવિધાઓનો મહત્તમ ઉપયોગ કરવાની વર્તમાન સમયની આવશ્યકતા છે.

### દર યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભય દર્શાવીને આરબીઆઈએ રેપોરેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. સ્વભાવિક જ આના કારણે ઈએમઆઈમાં કોઈ ઘટાડો નહીં થાય. નોટબંધી બાદ પહેલીવાર રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલે ક્રેડિટ પોલિસી એટલે કે કર્ઝનીતિનું એલાન કર્યું છે. એમ માનવામાં આવી રહ્યું છે કે, ક્રેડિટ પોલિસીમાં કાપ આવી શકે છે જેની સીધી અસર ઈએમઆઈ પર પણ પડી શકે છે. આરબીઆઈએ રેપોરેટને યથાવત રાખતા આગામી સમયમાં પણ રેપોરેટ ૬.૨૫ ટકા યથાવત રહેશે. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલે દેશનો વિકાસ દર ઓછો થવાનો અનુમાન વ્યક્ત કર્યું છે. આ અગાઉ વિકાસદરનો અંદાજ ૭.૬ ટકા હતો જે ઘટાડીને ૭.૧ ટકા કરવામાં આવ્યો છે. બજારના નિષ્ણાતોના કહેવા મુજબ આરબીઆઈ દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં ખાસ કરીને જે લોકોએ લોન લીધી છે તે લોકોને ઈએમઆઈના દરમાં ઘટાડો થવાની આશા હતી પરંતુ ગવર્નર ઉર્જિત પટેલે પત્રકાર પરિષદમાં કહ્યું કે, મોંઘવારી વધવાના ભયથી વ્યાજદરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

### ધુમ્મસના પગલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફલાઈટ પણ તેના નિર્ધારિત સમયથી મોડી જઈ રહી છે. ભારે ધુમ્મસના કારણે એક અંદાજ મુજબ ૮૧ જેટલી વિવિધ ટ્રેક ઉપર દોડતી ટ્રેન નિર્ધારિત સમયથી મોડી ચાલી રહી છે. અન્ય ૨૧ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે જ્યારે ત્રણ જેટલી ટ્રેન રદ કરવાની ફરજ પડી છે. ભારે ધુમ્સમના કારણે જે ઈન્ટરનેશનલ ફલાઈટ મોડી ચાલી રહી છે.

હવામાન વિભાગના કહેવા અનુસરા આવનારા દિવસોમાં પણ ધુમ્મસમાંથી રાહત મળવાનો કોઈ સંકેત નથી. વિભાગના કહેવા અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ મહિનાના બીજા સપ્તાહમાં પણ ઘાડ ધુમ્મસ છવાયેલું રહેશે. એમ માનવામાં આવી રહ્યું છે કે, નવથી બાર ડિસેમ્બર સુધી ભારે ધુમ્મસ છવાયેલું હતું. જો કે, આ ધુમ્મસની માત્રા ક્યાં કેટલી હશે તે હવામાન વિભાગે કહ્યું નથી. છેલ્લા ઘણા દિવસોથી દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં છવાયેલી ધુમ્મસની ચાદરના કારણે જનજીવન ઉપર તેની ઉંડી અસર જોવા મળી રહી છે. ત્યાં બીજી તરફ વહેલી સવારથી લઈને છેક બપોર સુધીના સમય સુધી અનેક વિસ્તારોમાં ધુમ્મસ છવાયેલું રહેવાના કારણે લોકોને અનેક તકલીફો સહન કરવી પડી રહી છે.

### પ્રવાસીઓ ફસાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રશાસનના નિયંત્રણ હેઠળ આવે છે. જે પ્રવાસીઓ ફસાયા છે તેઓને હેવલોક પોર્ટ બ્લેયર જે ૪૦ કિલોમીટરના અંતરે આવેલું છે ત્યાં સુરક્ષિતરીતે લઈ જવાની કામગીરી નેવી દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. ફસાયેલા પ્રવાસીઓ માટે એક વિગત એવી પણ બહાર આવી છે કે, આ પ્રવાસીઓ પૈકી કેટલાક પ્રવાસીઓએ મદદ માટે ટ્વિટરના ઉપયોગથી વડાપ્રધાનનું ધ્યાન દોર્યું હતું. એક ટ્યુરિસ્ટે ટ્વિટ કરતા વડાપ્રધાનને કહ્યું હતું કે, છેલ્લા બે દિવસથી જે રીતે વિનાશક વાવાઝોડુ આ દ્વીપ પર ત્રાટક્યું છે અને વરસાદ વરસી રહ્યો છે તેને લઈને અમે આઈલેન્ડ પર ફસાઈ ગયા છે. અમને પોર્ટ બ્લેયર પહોંચાડવાની વિનંતી છે. આ પછી તરત જ નેવી એક્શનમાં આવી હતી. નેવીને પણ ભારે વરસાદ અને દરિયામાં ઉપસ્થિત થયેલી સ્થિતિને લઈને હેવલોક સુધી પહોંચવામાં ભારે તકલીફનો સામનો કરવો પડ્યો છે. એમ કહેવામાં આવે છે કે, બંગાળની ખાડીમાં સર્જાયેલા પ્રેશરના કારણે છેલ્લા બે દિવસથી હેવલોક આઈલેન્ડમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના કહેવા અનુસાર આવનારા ૪૮ કલાક દરમિયાન આંદામાન નિકોબાર દ્વીપ સમુહમાં વાવાઝોડાની સાથે ભારે વરસાદ વરસી શકે છે. બીજી તરફ નેવી દ્વારા પોર્ટ બ્લેયરથી સવારે ૩.૧૫ના સુમારે તમામ જહાજોને હેવલોક તરફ રવાના કરવામાં આવ્યા છે. ત્રણેય ફોર્સ આર્મી, નેવી અને એરફોર્સના બેઝ આ વિસ્તારમાં આવેલા છે પરંતુ જે રીતની પરિસ્થિતિ છે તેને લઈને મળતા અહેવાલો મુજબ હેવલોક પર ખોરાકનો મર્યાદિત જથ્થો છે. આ સાથે જ વાતાવરણ પણ અનુકુળ નથી. આ પરિસ્થિતિમાં હવામાન વિભાગે આગામી ૪૮ કલાકની અંદર બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું પ્રેશર ચક્વાતમાં ફેરવવાની સાથે ભારે વરસાદ વરસવાની પણ ચેતવણી આપી છે.

### બેંકોમાં કતાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવ્હારમાં હડકંપ મચવાની સાથે સૌ કોઈ જુની નોટોના નિકાલ તેમજ તેના વટાવ માટેના કામે લાગી ગયા હતા. નિર્ણયના બે દિવસ બાદ બેંકો કાર્યરત થતા જ બેંકોમાં લાંબી કતારો શરૂ થઈ ગઈ હતી. જયારે બેંકોમાં પૈસા જમા કરાવાની સાથે નોટો બદલાવાની મથામણ માટે ભારેભીડ અને અવ્યવસ્થાનો માહોલ જોવા મળ્યો હતો. જો કે દેશમાંથી કાળુનાણુ પાછુ આવશે આર્થિક વ્યવ્હારમાં સતયુગનો ઉદય થશે તેવી આશ સાથે દેશના ખુણે ખુણે આમ નાગરિકો બેંકોની કતારમાં કલાકો સુધી ખડા રહી પોતાનો આર્થિક વ્યવ્હાર નિભાવાની મથામણ કરતા નજરે પડતા હતા. જયારે નોટબંધીના એક મહીનાના અંતે પણ હજુ બેંકોમાં કતાર જોવા મળી રહી છે. સામાન્ય માણસોએ હજુ પણ બેંકોમાં સમય આપવો પડે છે. શહેરમાં મોટાભાગના એ ટી એમ બંધ હાલતમાં છે. જયારે એ ટી એમ માં પણ કેશ પણ નથી. કેશલેશ એ ટી એમ પણ શિરદર્દ સમાન બન્યા છે. આમ નાગરિકો હજુ પણ બેંકોની કતારમાં ખડા થયેલા જોવા મળે છે. બીજીતરફ એક પણ ઉદ્યોગપતિ ,રાજકારણી કે નગરસેવકો કતારમાં જોવા મળતા નથી. ત્યારે નોટબંધીના નિર્ણય સામે આમ નાગરિકો જ વિશેષ પ્રભાવિત થયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નોટબંધીના એક મહીના બાદ પણ શહેરના બજારો માંઠી અસરથી પ્રભાવિત જોવા મળે છે. બેંકોની કતાર , કેશલેશ એ ટી એમ અને આર્થિક વ્યવ્હારમાં છુટાની પણોંજણમાં જોતરાયેલા રહેતા સામાન્ય માણસને બેંકમાંથી જરૂર મુજબ હજુ પણ પૈસા મળતા નથી. આવા સંજોગોમાં નોટબંધીનો નિર્ણય આમ નાગરિકો માટે કેટલો લાભદાયી રહેશે તે અંગે પણ અસમંજસ ભરી સ્થિતિ વચ્ચે અનેક તર્ક વિતર્કો થતા નજરે પડે છે. હજુ પણ જુની નોટો બેંકમાં જમા કરાવવા માટે ૨૩ દિવસનો સમય બાકી છે. ત્યારબાદ નોટબંધીના અંતે હવે સરકાર તરફથી કઈ મહત્વની જાહેરાત થાય છે તે તરફ સૌ કોઈની મીટ મંડરાઈ છે.

### ઉમેદવારી પત્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલ

તાલુકો આવે છે જ્યાં ૮૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી છે. આજે દહેગામમાં ૨૮ સરપંચ માટે અને ૪૧ ઉમેદવારીપત્રો વોર્ડના સભ્યો માટે ભરાયા છે. આજે વધુ ૬૯ ઉમેદવારીપત્રો આ તાલુકામાં ભરાયા છે. માણસા તાલુકામાં સરપંચ પદ માટે ૯ અને વોર્ડના સભ્યપદ માટે ૩૮ ઉમેદવારી પત્ર સાથે કુલ ૪૭ ઉમેદવારીપત્રો ભરાયા છે.

કલોલમાં સરપંચ પદ માટે ૧૧ અને વોર્ડના સભ્યપદ માટે ૩૨ મળી કુલ ૪૩ ઉમેદવારીપત્રો ભરાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીનો માહોલ ધીરે ધીરે તીવ્રતા પકડીરહ્યો છે. આગામી બે દિવસમાં વધુ ઉમેદવારીપત્રો ભરાશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યો હોવાથી જિલ્લામાં આ વખતે એક પણ ગ્રામ પંચાયત કદાચ સમરસ બનશે નહિ તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ચૂંટણીનો માહોલ જે રીતે જામી રહ્યો છે તેને પગલે આ ચૂંટણી વધુ સંવેદનશીલ પણ બની રહેશે તેમ રાજકીય વિશ્લેષકોનું માનવું છે.

### ચિકનગુનિયા

● અનુસંધાન છેલ્લાનું ચાલ

વાતાવરણ માનવામાં આવી રહ્યું છે. ચિકનગુનિયા અને ડેન્ગ્યુના મચ્છરો ડે બાઈટર હોવાથી મચ્છર કરડવાની શક્યતાઓ વધી જાય છે. ગાંધીનગર શહેરમાં મચ્છરોની ડેનસીટીમાં જોઈએ તેટલો ઘટાડો જોવા મળતો નથી તે તંત્રની ચિંતાનો વિષય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં છુટા છવાયા ડેન્ગ્યુના કેસો પણ ખાસ કરીને નવા સેક્ટરોમાંથી સતત મળી રહ્યા છે.

### વ્યાપ સિમિત

● અનુસંધાન છેલ્લાનું ચાલ

પાયાની સુવિધાઓનો અભાવ વર્તાય છે. જયારે ડેપો સંકુલમાં પોલીસ પહેરો લગાવવાના મામલે પણ હજુ સ્થળ પર કોઈ કાર્યવાહી થઈ નથી. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં મુસાફરીની સલામતીનો મુદ્દો પણ લાંબા સમયથી રામભરોસે છે. ડેપોમાં અગાઉ કેન્ટીન પણ લાંબા સમય સુધી બંધ હાલતમાં રહેતા મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે રીટેન્ડીરીંગ કરીને આખરે કેન્ટીનને કાર્યરત કરવામાં આવી છે. હાલ ડેપો સંકુલમાં કેન્ટીન ઉપરાંત પાંચ જેટલી દુકાનો છે. પરંતુ ડેપો સંકુલમાં કોર્મશિયલ પ્રવૃતિનો વ્યાપ સિમિત હોવાથી ડેપોને જોઈએ તેટલી આવક થતી નથી. અમદાવાદ, રાણીપ,મહેસાણા સહીતના બસ સ્ટેન્ડ પર આધુનિક ડેપો સંકુલમાં કોર્મશિયલ પ્રવૃતિનો વ્યાપ વધ્યો છે. જેના પરિણામે ડેપોની આવક પણ વધી છે. જયારે આમ નાગરિકોને રોજગારીની પણ નવી તકો ઉપલબ્ધ થવાની સાથે પ્રવાસીઓને વધુ સુવિધાઓનો લાભ મળે છે. જયારે ગાંધીનગર ડેપોમાં પણ હાલ જગ્યા ઉપલબ્ધ છે. આમછતા આમ નાગરિકોને જોઈએ તેવી સુવિધા મળતી નથી. ડેપો સંકુલમાં દિનપ્રતિદિન મુસાફરોની સંખ્યા વધી રહી છે. ત્યારે મુસાફરલક્ષી સુવિધાઓમાં વધારો કરી ડેપોને વધુ આવક થાય તેવા પ્રયાસ કરવા માંગ ઉઠવા પામી છે. બીજીતરફ એસ ટી નિગમ દ્વારા પણ આ મામલે જરૂરી વિચારણા હાથ ધરવામાં આવી છે.

### મનના ઉમંગો

● ૪ પાનાનું ચાલુ...

આવી રીતે લાઈનમાં ઊભા ઊભા જ ફસડાઈ પડ્યાના બનાવ બન્યા છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આવા સિત્તેર લોકોના મૃત્યુ માટે જવાબદાર કોણ એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. એ પછી કેટલા માણસોએ ખરેખર પૈસા પાછળ જીવ ખોયો એનો કોઈ સત્તાવાર આંકડો પ્રાપ્ત થતો નથી. મહાભારતવાળી દ્રૌપદીની જેમ ભારતવાળા આ મનોમોહનનો પ્રશ્ન પણ સદાકાળ અનુત્તર રહેશે એવું અત્યારે લાગે છે.

● નોટબંધીનો સીધો અને દેખીતો કોઈને ફાયદો થયો હોય તો તે છે સુધરાઈવાળા અને પંચાયતોને. એમના વેરાના જૂના લ્હેણાં લોકોએ તાત્કાલિક જૂની નોટોથી ભરપાઈ કરી દીધા છે. બીજો ફાયદો પેટ્રોલપંચવાળાઓને થયો છે. બધા પોતાની વાહનોની ટાંકીઓ ફૂલ જ રાખવા માંડયા છે. ત્રીજો ફાયદો દવાની દુકાનો વાળાને થયો છે. હૃદય અને બીપીના દર્દીઓએ આખા વરસની દવાઓ ખરીદી લીધી છે.

● આ નોટબંધીથી ઘણા બેરોજગારોને અનાયાસ રોજગારી મળી ગઈ છે. લાઈનમાં ઊભા રહેવા માટે કેટલાક અમીરો બસોથી માંડી પાંચસો રૂપિયા આપવા માંડ્યા છે. બેરોજગારોને લાઈનમાં ઊભા રહેવાનું કામ મળ્યું.

● જે વ્યવસ્થાપકો કાળાં નાણાંનો ધોળામાં પરિવર્તિત કરવાનો કસબ જાણે છે એમને ભારેખમ લોટરી લાગી ગઈ છે. એમાંનાં થોડાક એમની ગફલતથી જાહેર થઈ ગયા છે. જેઓ જાહેર નથી થયા તેઓની સાત શું સત્તર પેઢીઓ તરી જવાની એ નક્કી છે. બીજી બાજુ સરકારે પોતે જ ૫૦ ટકા ટેક્સ ભરીને બાકીના પચાસ ટકા નાણાં ધોળા કરી દેવાનો કાયદો લોકસભામાં પાસ કરાવી દીધો છે.

● જે કરિયાણાવાળા આપણને આવતા જોઈને મોં મચકોડતા હતા. તેઓ હસી હસીને ઉધાર માલ આપે છે. આવી સદ્ભાવના શાકવાળા અને ચાના ગલ્લાવાળાઓમાં જાગી છે. બીજું બધું ભૂલી જવાશે પણ વેપારીઓની આ ઉમદા સદ્ભાવના કોઈ કાળે ભૂલી શકાશે નહીં.

● અમે જયારે નોકરી કરતા અને વિરાના સમયે ચા પીવા જતા ત્યારે અમારા અર્જુનભાઈ ચૂકવણી માટે રૂા. સોની નોટ ખિસ્સામાંથી જપ દઈને બહાર કાઢતા. વેઈટર કહે કે, 'છૂટ્ટા આપો' એટલે મંડળીનો કોઈ બીજો સભ્ય, 'લ્યો મારી પાસે છૂટાં છે.' કહી પેસા કાઢતો. ત્યારે હળવેક રહીને અર્જુનભાઈ ચૂકવણી માટેની ગજવામાં સરકાવી દેતા. કયારેક બબડતા પણ ખરા, 'સાલ્લી છૂટ્ટાની કાયમ નિરાંત થઈ ગઈ હશે ?'

● સરકારને હમેસાં નિરાંત છે. કોઈ રસ્તા, વીજળી, પાણી, ખાતર, કશાનો પ્રશ્ન ઉઠાવતું નથી. છેલ્લે છેલ્લે બનાવટી ડિસક્લોઝરના અહેવાલો ચમક્યા છે. છાપાવાળાને સારો વિષય મળ્યો છે, પણ કોઈ વિગતો મળતી નથી. લાગે છે કે ત્રીસમી ડિસેમ્બર પહેલાં આવા ઘણા કેસ બહાર આવશે.

વાચકમિત્રો, મારો પાડોશી અત્યારે ખબર લાવ્યો છે કે ચાર રસ્તાવાળું એટીએમ ચાલું થયું છે. આપણે અટકવું પડશે. હું જલ્દી જઈને મળે તો બે હજાર રુપિયા કાઢતો આવું. આવજો.

### ૧૦ લાખ ભરું તો...

● ત્રીજા પાનાનું ચાલુ

● હાથ પે નિશાન દેખકર પૂછા કીસી અજનબીને કે ક્યા યે બેંક સે પાયા હૈ ? હમને કહા નહી ઝખમ તો વૉટ કા થા, અબ નૉટ સે ઉભર આયા હૈ..!!!

● જો તમારી પાસે વધુ સોનુ છે તો પ્રત્યેકે ૫૦૦ ગ્રામના હિસાબે તમે પત્નિઓની સંખ્યા વધારી શકો છો...

(કાળા નાણાંથી બચવા જનહિતમાં જારી)

● લાઈનમાં લાગીને ૨૦૦૦ લીધા...

અને બેંક બહાર પાર્ક કરેલી ૩૦૦૦ની સાયકલ કોઈક ચોરી ગયું.. બોલો..!!!

● ભગો બેંકમાં ૫૦ હજાર ભરવા ગયો,

કેશિયરે પુછ્યું અલ્યા આટલા બધા ક્યાંથી કાઢ્યા ?

ભગો : અરે સાહેબ, ગામ ભરે છે, એટલે આબરૂ સાચવવા વ્યાજે લાવ્યો છું સાહેબ.